

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*પ્રજાની ઈચ્છા વિરુદ્ધ કરતાલ લઈ બેઠા છે,*
*આશામાં લોકો શ્રદ્ધાનું વડતાલ લઈ બેઠા છે.*
*વાગે છે બેતાલ, પડતાલ કોઈ કરતું નથી -*
*પ્રજા ઉકરડે, સભ્યો નૈનીતાલ જઈ બેઠા છે...*

### હાઈકુ

*છટકવામાં,*
*ચાલાક ને 'પ્રવીણ'*
*સંઘનું બાળ!*
*(ગળથૂથીનું શિક્ષણ)*

*હું જ રક્ષક,*
*અન્ય હોઈ ન શકે!*
*'હિંદુત્વ' રક્ષા...*
*(ઈજારાશાહી?)*

### ચિંતન

*જ્ઞાનં સતાં માનમદાદિનાશન કેષાત્રિચદેવતન્મદમાન કારણમ્ ।*
*સ્થાનં વિવિકતં યમિનાં વિમુક્તયે કામાતુ રાણામપિ કામકારણમ્ ॥*

ઉપરોક્ત શ્લોક વૈરાગ્યશતકમાંથી લેવામાં આવેલ છે.

સજ્જન જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી વિનમ્ર બને છે અને દુર્જન જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અહંકારી બને છે. જેમ એકાંત સ્થાન યોગી કે સાધક માટે તપોભૂમિ બને છે. એ જ રીતે આ સ્થાન કામી પુરુષો માટે કામવાસના તૃપ્ત કરવાનું ઉત્તમ સ્થાન બને છે.

જ્ઞાનપ્રાપ્તિનું પહેલું સોપાન અહંકારનો નાશ કરવો એ જ છે. વિશ્વભરમાં જ્ઞાન મેળવ્યાથી માણસ પોતે મહા જ્ઞાની છે એવા અભિમાનથી ઘેરાઈ જતો હોય તો પછી જ્ઞાનનું પહેલું જ પગથિયું એ ચૂકી ગયો એમ કહેવાય. જે જ્ઞાન માણસને વધુ અને વધુ નમ્ર ન બનાવે એને જ્ઞાન જ ન કહેવાય. જ્ઞાની માણસને વધુ અને વધુ નમ્ર ન બનાવે એને જ્ઞાન જ ન કહેવાય. જ્ઞાની પુરુષ બરાબર જાણે છે કે પોતે જે જાણે છે એ કરતાં જે નથી જાણતો એ અપાર છે. હું નથી જાણતો એ વાત જે જાણે છે એ જ જ્ઞાની બની શકે છે.

એકાંતમાં તપસ્વી તપ કરે છે અને સાધક સાધના કરે છે, આ એકાંત એમના માટે પુણ્ય ભૂમિ છે. આથી ઉલ્ટું, જેને કામોપભોગમાં જ જીવનનો આનંદ મળે છે એવા માણસ માટે આવું એકાંત નિરંકુશ કામપભોગ માટે ઉત્તમ સ્થાન બની રહે છે.

### સુવિચાર

- તમે ખુદા અને દુનિયાની દોલત બંને એક સાથે મેળવવાની આશા નહિ રાખી શકો ? - **રહીમ**
- નિરાશાની અંતિમ અવસ્થા વિરક્તિ છે - **પ્રેમચંદ**
- ઈશ્વર અચળ સત્ય છે. તેનું વિશ્વ કદી અરાજક નહીં થઈ શકે - **ઈપિક્યુરસ**
- તમે પરમેશ્વરને ભલે જાણતા ન હો, પણ ઓછામાં ઓછું એના લક્ષણો ને તો જાણો - **રામકૃષ્ણ પરમહંસ**
- આરંભાયેલું કાર્ય પાર પાડવા જતાં જીવનને તમે તુચ્છ ગણો એ ખરો મનુષ્ય - **સાધુ પરમપ્રિયદાસજી**
- જે શિક્ષણ પ્રબળ ઈચ્છાશક્તિ કેળવી શકતું નથી, એ દિમાગ ને લૂણો લગાડે છે - **સંત રોબિન**
- આજનું ઔષધ : સોજા કે મૂઢમાર ઉપર કાળી માટીમાં ગૌ મૂત્ર મેળવી લેપ કરવાથી દર્દમાં રાહત થાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

મુંબઈની તાજ હોટલ પર આતંકવાદી હુમલો થયા પછી રતન તાતા એ જે ખાનદાની દેખાતી જે એક સો સલામ ને યોગ્ય છે. એ હુમલા વખતે જે તાજમાં કામ કરતા ચોસઠ કર્મચાસીઓ મૃત્યુ પામ્યા હતા. તેમની દરેકની સ્મશાન યાત્રામાં રૂબરૂ ભાગ લીધો હતો. એમના દરેકના ઘરે જઈ રૂબરૂ સાંત્વના પાઠવી રતન તાતા એ એમની કોર કમિટીને કહ્યું કે તમે નક્કી કરો કે આ કર્મચારીઓના કુટુંબ માટે હજી વધુ શું મદદ કરી શકાશે ?

એક અઠવાડિયા પછી કોર કમિટી રતન તાતાને મળી અને જે મદદના પ્રસ્તાવો મૂક્યા તે બધા જ રતન તાતાએ નકારી કાઢ્યા અને કહ્યું, 'તાજનો જે કર્મચારી આ હુમલામાં માર્યો ગયો છે એ છેલ્લો જે પગાર મળતો હતો એ પગાર એના સૌથી નજીકના કુટુંબીજનને લાઈફ ટાઈમ આપવાનો, એના કુટુંબીજનમાંથી એક જણને તાતા કંપનીમાં એને યોગ્ય નોકરી આપવાની, એના દીકરા-દીકરીને ભણવાનો ખર્ચ તાતા કંપની ભોગવશે, પરદેશ ભણવા જાય તો તે ખર્ચ પણ તાતા કંપની ભોગવશે, એના દરેક કુટુંબીજન ને મેડીકલ ઈન્શ્યોરન્સ ફ્રીમાં આપશે.'

છેલ્લે ઊભા થતા રતન તાતાએ કહ્યું, 'આ હોટલ તાજને ફરી રીપેર કરવામાં પાંચ સો કરોડ જોઈશે... તો જે મૃત્યુ પામ્યા છે કે ઘવાયેલા છે તેમના માટે પણ પાંચસો કરોડ અલગ ફાળવવામાં આવશે.' આટલું ઓછું હોય તેમ છેલ્લે એક વાક્ય આંખમાં આંસુ સાથે બોલ્યા, 'આ તો કંઈ નથી હજી ઘણું બધું કરવાનું છે.'

હમણાં જ ફેસ ઑફ ઈન્ડિયા, પર્સન ઑફ ઈન્ડિયામાં રતન તાતા પહેલાં નંબરે આવ્યા છે.

# ઈતિહાસ અને અભિવ્યક્તિ વચ્ચેનું સાયુજ્ય

**તંત્રીસ્થાનેથી...**

સુપ્રીમ કોર્ટ દ્વારા વિવાદાસ્પદ ફિલ્મ 'પદ્માવત'ને દેશભરનાં સિનેમા થિયેટરોમાં પ્રદર્શિત કરવાનો ચુકાદો આપી કલાકારની અભિવ્યક્તિની સ્વતંત્રતાનો પુરસ્કાર કર્યો છે. દેશનું બંધારણ આ મુદ્દે સ્પષ્ટ છે. એમાં વાણી અને લેખન સ્વાતંત્ર્ય ઉપરાંત કલાનાં વિવિધ ક્ષેત્રોમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાની જોગવાઈ છે. એ દૃષ્ટિએ ભણસાલીની આ ફિલ્મને સેન્સર બોર્ડના પ્રમાણપત્ર પછી પ્રદર્શિત કરવામાં સ્વભાવિક રીતે જ કોઈ અડચણ ન નડવી જોઈએ. પરંતુ 'પદ્માવત' જ રાખેલું એની સામે કરણીસેના સહિત ઘણાં બધા રાજપૂત સંગઠનોએ ઈતિહાસ સાથે ચેડાં કર્યા હોવાની દહેશતથી વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધ એટલો વ્યાપક હતો કે એમાં ફિલ્મ નિર્માતાથી લઈ એમાં પાત્રોની ભજવણી કરનારા કલાકારો અને એ ફિલ્મ પ્રદર્શિત કરનાર સિનેમા થિયેટરના કર્મચારીઓના માથે ભય ઊભો થયો છે. સુપ્રીમ કોર્ટ તો કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ જે - તે રાજ્ય સરકારની ફરજમાં આવે છે એમ કહી વાત પૂરી કરી દઈ શકે, પણ જે 'ગ્રાઉન્ડ રિયાલિટી' છે એને થિયેટર માલિકો નજર અંદાજ કરી શકે ખરાં ? રાજપૂત સમાજ સ્વભાવથી જ લડાયક મિજાજ ધરાવે છે. એણે પદ્માવતીના પાત્રને ફિલ્મ - નિર્માતા જે રીતે રજૂ કરી રહ્યા છે તેથી રાજપૂતોની કુલીનતા, મર્યાદા અને ગરિમા ખરડાતી હોવાનો આક્ષેપ કર્યો છે. આ મુદ્દે ભણસાલીએ કેટલીક સ્પષ્ટતાઓ પણ કરી હતી અને સેન્સર બોર્ડે પણ ફિલ્મમાં વાંધાજનક લાગતાં દશ્યો, સંવાદો અને નૃત્યો પર જયાં અનિવાર્ય લાગ્યું હશે ત્યાં કાતર ફેરવી જ હશે, છતાં રાજપૂતોનો વિરોધ શમ્યો નથી. આથી ગુજરાત સહિત ચારેક રાજયોએ આ ફિલ્મ રજૂ નહીં થવા દેવાના આદેશ જારી કર્યા હતા. પરંતુ સુપ્રીમ કોર્ટ દ્વારા એ આદેશો પર પણ સ્ટે મુકાતાં ખુદ રાજય-સરકારો આ ફિલ્મના પ્રદર્શનની છૂટ આપવી કે નહીં તે મુદ્દે અવઢવ અનુભવી રહી છે. પદ્માવતી અને અલાઉદ્દીન ખિલજી વચ્ચેના તથાકથિત પ્રણયની રજૂઆત નહીં કરાઈ હોવાની સ્પષ્ટતા પછી પણ રાજપૂત સમાજ શસ્રો મ્યાન કરવા તૈયાર નથી. આખરે એક સમાજ દ્વારા ઉઠાવાયેલ ગરિમા હનનનો મુદ્દો છે. રાજપૂત અગ્રણીઓએ એને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યો હોઈ સિનેમા થિયેટરો આ ફિલ્મનું પ્રદર્શન કરવાનું જોખમ ભાગ્યે જ ઉઠાવશે. પ્રશ્ન કલાની અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો પણ છે. ફિલ્મ નિર્માતાએ એને કાલ્પનિક કથા આધારિત ફિલ્મ કહી છે અને ઈતિહાસ સાથે એને કશી દેવાલેવા નહીં હોવાની દલીલ કરી છે. પરંતુ આટલું ડિસ્કલેમર મૂકી દેવાથી રાણી પદ્માવતી કે ખિલજીની ઐતિહાસિકતા સમાપ્ત થઈ જતી નથી. ઈતિહાસ એ માનવ જાતિનો ગૌરવવંતો ભૂતકાળ છે. એણે ભણસાલીના મનઘડંત મુસદ્દાઓ મુજબ કલારૂપ આપી કોઈ સમાજના આત્મ ગૌરવને પડકારી શકાય નહીં.

# સારી ચળવળને પણ ઉપેક્ષા સહેવી જ પડે

**સત્યાગ્રહી લશ્કર 'જૈંસે કુ તૈસા' ના જુસ્સાથી મુક્ત જોઈએ**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

સમાજમાં પરિવર્તન લાવવાના પ્રયાસ કરતી દરેક સારી બાબતને શરુઆતના તબક્કે સ્થાપિત હિતનો સામનો કરવો પડે છે. સ્થાપિત હિત ધરાવતું જૂથ એટલું મજબૂત હોય છે કે નવું લાવવાનો વિચાર રજૂ કરનારને વ્યાપક હેરાનગતિ વ્યક્તિગત કે સામાજિક રીતે થાય છે. ખુદ ગાંધીજી પણ આવી રીતરસમમાંથી પસાર થયા હતા. ગાંધીજીએ આવા અનુભવો વિશે વિગતે વાત પણ લખી છે.

ગાંધીજીએ લખ્યું છે 'પ્રત્યેક સારી ચળવળને ઉપેક્ષા, ઉપહાસ, વખોડવી, દમન અને આદર એ પાંચ અવસ્થાઓમાંથી પસાર થવાનું હોય છે.' આ વાત તેમણે અસહકારની લડત શરુ કરી એના પાંચ-છ મહિના પછી કહી હતી. તેમણે લખ્યું હતું કે અસહકારની ચળવળ શરુ કરી તેના થોડા મહિનાઓ અગાઉ અપેક્ષા કરવામાં આવી. ખુદ વાઈસરોયે અસહકારની ચળવળને હસી કાઢવાની ચેષ્ઠા કરી. ચળવળ સામે ગેરરજૂઆત અને તેની વખોવણી રોજની વસ્તુ બની ગઈ છે. વિવિધ પ્રાંતોના ગર્વનરોએ અને અસહકાર વિરોધી છાપાંઓએ તેમનાથી દઈ શકાય તેટલી ગાળો ચળવળને આપી અને અસહકારની ચળવળમાં જોડાયેલા કાર્યકરો પર દમન પણ શરું થયું છે.

ગાંધીજીએ જો કે એ સમયે શરુ થયેલા હળવા દમનમાંથી આકરા દમનની સ્થિતિ આવે તો પણ તૈયાર રહેવાની સમજ કાર્યકર્તાઓને આપી દીધી હતી. સાથોસાથ તેમણે એવો પણ વિશ્વાસ આપ્યો કે હળવા કે આકરા દમનમાં ટકી શકનાર હરેક ચળવળ અનિવાર્ય રીતે આદરપાત્ર બને છે. અને સફળતાનું જ તે બીજું નામ છે. જો આપણે સાચી નિષ્ઠાવાળા હોઈશું તો એ દમનને નજીક આવતા વિજયની અચૂક નિશાની તરીકે લેખી શકાય. પરંતુ આપણે સાચી નિષ્ઠાવાળા હોઈશું તો આપણે દબાઈ નહીં જઈએ. અહિંસા પ્રેમ ગાંધીજી સાથોસાથ કહે છે કે દમનની સ્થિતિ સામે પણ આપણે ગુસ્સામાં આવી જઈ સામું વેર નહીં લઈએ અને હિંસક નહીં બનીએ. હિંસા એ આપઘાત છે એમ તેઓ સમજાવે છે. જો એક પણ સત્યાગ્રહી પોતે સાબૂત હોય તો વિજય છે જે એવો ગાંધીને અડગ વિશ્વાસ હતો.

પ્રત્યેક સ્ત્રી કે પુરુષ શરીરે ચાહે કેટલાંય દુર્બળ હોય તોયે પોતપોતાના સ્વમાન અને સ્વતંત્રતાના રખેવાળ છે, જો આટલી વાત માનવતાજને હું સમજાવી શકું તો મારું કામ પૂરું થયું ગણાય એમ તેઓ ખાતરી વ્યક્ત કરે છે. નવી બાબત કે સમાજનું શ્રેય હોય એવી કોઈ વાત વખતે સ્થાપિત હિતો ધરાવતા વ્યક્તિ, સમૂહ કે સરકાર વિરોધ કરે ગમે તે દમન ગુજારે પણ વ્યક્તિગત સત્યાગ્રહીની સામે આખી દુનિયા હોય તો યે એ રક્ષણ રામબાણ હોય છે. એમ ગાંધીજી ઉલ્લેખ કરે છે. દક્ષિણ આફ્રિકાના હિંદીઓએ ૧૯૧૪માં દ. આફ્રિકાની સરકાર સામે પરદેશી વસાહતના કાયદાનો વિરોધ કર્યો હતો. એ સમયે સત્યાગ્રહીઓ ઉપર સરકારે અમાનુષી અત્યાચાર ગુજાર્યો હતો. ખુદ સરકાર અત્યાચાર કરવાથી થાકી અને હિંદીઓની વ્યાજબી માગણી આખરે કબૂલ રાખી હતી.

સત્યાગ્રહીઓના સમૂહને ફોજ કે લશ્કર જેવો છે. દરેકને ફૌજીની જેમ લશ્કરી જીવનના તમામ નિયમો લાગુ સમજવાના છે. અરે લશ્કરી જીવન કરતાં પણ વધુ આકરા અને અઘરા નિયમો તેમને પાળવાના છે, કારણ કે લશ્કરના સિપાઈને જેમ લોહી ચડવાનું (ગરમ થવું કે ગુસ્સે થવું ના અર્થમાં) અને એ મુજબ વર્તન હોય છે એવું વર્તન કે વ્યવહાર સત્યાગ્રહના સિપાઈ કરે એને અવકાશ જ નથી. ગાંધીજી કહે છે સત્યાગ્રહીઓનું લશ્કર 'જૈસે કુ તૈસા' ના જુસ્સાથી મુક્ત હોવું જોઈએ. તેમની વૃત્તિમાં વેર કે વિકાર ન હોય એટલે ઓછામાં ઓછી સંખ્યાથી તે પોતાનો ઉદ્દેશ સાધી શકે. આવો એક જ પૂરો સત્યાગ્રહી અધર્મની સામે ધર્મની લડાઈમાં જય મેળવવાને બસ છે અમ મહાત્મા કહે છે.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# સંક્રાંતના સમયે ગંગાસતીનું સ્મરણ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

કાળનો પ્રવાહ નિરંતર વહેતો રહે છે. ગતિ કરતો રહે છે. આજકાલ સૂર્યનારાયણ દેવ પણ ગતિનો સંકેત આપીને પોતાનો પ્રભાવ વિસ્તરે તેવા દિવસો તરફ નિર્ધારીત રીતે ડગલા માંડી રહ્યા છે. આપણે પણ સૂર્યની આ ગતિને વધાવવા માટે અને નિર્ભેળ આનંદ માણવા માટે ઉત્તરાયણનો તહેવાર ઉજવીએ છીએ. સંક્રાંતિના આ કાળને આપણે ગમતા – અણગમતા અનેક પ્રકારના કોલાહલ વચ્ચે પણ આપણે માણીએ છીએ. કુદરતની સમગ્ર સૃષ્ટિ જ્યારે ગતિશીલતાનું ગાન કરતી હોય ત્યારે આપણે પૃથ્વીવાસીઓ અટકેલા કે બંધિયાર કેવી રીતે રહી શકીએ ? શારીરિક બંધનો કે મર્યાદાઓ સાથે માનસિક બંધિયારપણામાંથી પણ નીકળવાનો – ગતિ કરવાનો આ સમયનો સંકેત છે. આપણે ચાલીશુ નહિ તો પણ સમય આપણી રાહ જોઈને રોકાવાનો નથી.

નદીયાં ચલે ચલે રે ધારા,
ચંદા ચલે ચલે રે તારા
તુજકો ચલના હોગા,
તુજકો ચલના હોગા.

આપણાં મધ્યયુગના સંતો કાળના આ વહેતા પ્રવાહને નખશીખ પારખનારા હતા. તેઓ ક્રાંત દ્રષ્ટા હતા. ભાવિના ગર્ભમાં કોડીયું કરીને પણ તેઓ કલ્યાણનો માર્ગ ચીંધનારાં હતા. ગંગાસતી આપણાં એક આવાજ સર્જક અને સંત હતા. જીવનની ગતિ તેઓ સમજ્યા અને જગતના કલ્યાણ માટે પાનબાઈના માધ્યમથી કેટલીક સદાકાળ સાંપ્રત વાતો તેઓ આપણને કહેતા ગયા. ગંગાસતીના પદોમાં નિરંતર સરળતા – સહજતા છે. ગંગાસતીની વાણી એ ગંગોત્રીની ધારા સમાન છે. તેમાં આત્મજ્ઞાનનું નર્યું સૌંદર્ય છે. કૃત્રિમતા લેશમાત્ર નથી. આથીજ બે સદી પહેલાના આ સાધકની વાત આજે પણ જીવંત છે. ગંગાસતીની વાણી ગામડે ગામડે ગાઈને આપણાં ભજનમર્મીઓએ અનેક અંધાર ઘેરી રાતોને ઉજળી કરી છે. આ વાણીમાં સાધકની શક્તિનો બુલંદ પડઘો પડે છે. સૌના કલેશને મીટાવવાની આ વીર સાધિકાની અંતરની ખેવના છે.

મનને સ્થિર કરી આવો રે મેદાનમાં,
મિટાવું સરવે કલેશ રે
હરિનો દેશ તમને એવો દેખાડું કે
જ્યાં નહિ વર્ણનો વેશ રે...

'જાતિપાતિ પૂછે નહિ કોઇ, જો હરિકો ભજે સો હરિકા હોઇ' એ વાતમાં માનનારા અને તેનોજ પ્રસાર કરનારા આપણાં અનેક સંતો છે. ગંગાસતિ – દાસી જીવણ કે મીરાંને જાતિ કે જ્ઞાતિના બંધનમાં બાંધી શકાતા નથી. તેઓ તમામ બંધનોથી મુક્ત થઈને મેદાનમાં ઉતરેલા છે. કઈ નીશાળોમાં આ સંતો-ભક્તો ભણ્યાં હશે ? કોણે એમને માનવ – માનવ વચ્ચેની સમાનતાનો પાઠ ભણાવ્યો હશે ? આપણે માનીએ છીએ કે છેલ્લા થોડા વર્ષોમાં આપણું શિક્ષણ જ્ઞાન વધ્યું છે – વિસ્તર્યું છે. આંકડાઓ પણ આ હકીકતની પૂર્તિ કરે છે. અનેક કાયદાઓ પણ આપણે જાગૃતિપૂર્વક ઘડ્યા છે. એક માનવીનો બીજા માનવી સાથેનો તંદુરસ્ત સંબંધ નંદવાય નહિ તે માટે એક વ્યવસ્થા ઊભી કરવાનો આપણે સુઆયોજિત પ્રયાસ કર્યો છે. તેના કેટલાક સારા પરિણામો પણ મળ્યા છે. આમછતાં નાની તથા ઘણું કરીને નગણ્ય લાગતી વાતોમાં આપણી સામાજિક સમરસતા કેમ ડહોળાય છે ? બહારની વ્યવસ્થા તેમજ કાનૂની માળખું હોવા છતાં આમ થતું હોય તો આપણી મનોસ્થિતિનો અભ્યાસ કરીને તેનેજ ઠીકઠાક કરવાનું સમારકામ આપણે જાતેજ કરવું પડશે. મનમાં વિકૃતિ ન હોય અને પ્રકૃતિના સૌ સર્જનો તરફનો સમાન લગાવ હોય તો આજે વ્યક્તિગત તથા સામાજિક સંઘર્ષના જે બનાવો જોવા મળે છે તેમાં ઘણો ઘટાડો થઈ શકે છે. માનવીના મન જો કટાયા હોય તો આપણાં સાહિત્ય મર્મજ્ઞ ભાઈ રામજી વાણીયા કહે છે તેમ તેને યથાસ્થાને લાવવામાં કાયદાઓ કે બાહ્ય અંકુશો ભાગ્યેજ કશા કામમાં આવે છે. રામજી વાણીયા લખે છે :

માનવના મનડા કટાણાં
સરાણીયા ! માનવના મનડા કટાણાં
જુગ જુગ જૂના કાટને કાઢવા
ક્રોડુ કાયદા રચાણા
ઉપરછલ્લા એ અવળા ઓસડીયાથી
ભીતરના રોગ ન ભૂંસાણાં...
સરાણીયા ! માનવના મનડા કટાણાં.

મનમાં બાઝી ગયેલા બંધિયારપણાના અનેક ઝાળાને દૂર કરી સંક્રાંતના સૂર્યને વધાવવાનું સંક્રાંતિ કે ઉત્તરાયણનું આ મહાપર્વ છે. ગંગાસતીની વાણીમાં મનમાં જામી ગયેલા કૂડા – કચરાને દૂર કરવાની શક્તિ છે. જીવતરમાં ભૌતિક સમૃધ્ધિ તો હોય અને તેનો હર્ષ પણ હોય પરંતુ તે સમૃધ્ધિમાં સંસ્કારનું મોણ ગંગાસતીની વાણી થકી ઉમેરી શકાય છે. એકવાર આવો ભાવ પ્રગટે તો જીવનમાં નૂતન સૂર્યોદય થયાનો ભાસ તરતજ થશે. સામાજિક સમરસતા એ સ્વસ્થ સમાજની પ્રથમ આવશ્યકતા છે.

સમાજના નબળા ભાંડુઓ તરફથી કુણી દ્રષ્ટિ એ પણ ઉત્તમ ભક્તિ છે. આ કારણસરજ કદાચ જોતીબા ફુલેનું ધ્યાન તરછોડાયેલા લોકો તરફ રહ્યું. મીલમાલીકના બહેન હોવા છતાં અનસુયાબહેન સારાભાઈનું ધ્યાન મીલ મજૂરોની વિટંબણાઓ તરફ રહ્યું. આવા અહંકારના ત્યાગ તથા નમ્રતાની વાત ગંગાસતીએ લખી.

ભક્તિ રે કરવી તેને
રાંક થઈને રહેવું ને
મેલવું અંતરનું અભિમાન રે
સદગુરુ ચરણમાં શીષ નમાવી
કરજોડી લાગવું પાય રે...

ભાવનગર રાજ્યના વિચક્ષણ દિવાન અને ઋષિતુલ્ય રાજપુરૂષ સર પ્રભા શંકર પટ્ટણીનું મન આપણાં મધ્યયુગના સંતોની સંતવાણીથી તરબતર થયેલું હતું. જીવનના સંધ્યાકાળે ઝાંઝમેરની શાળાના દાંડિયારાસના કાર્યક્રમમાં 'મેરૂ તો ડગે પણ જેના મન નવ ડગે' એ ગંગાસતીનું ભજન સાંભળી તેમણે પોતાની અંતરની પ્રસન્નતા વ્યકત કરી. આ પદ ઉપર ત્યાંજ તેમણે સુંદર વિવેચન કર્યુ. તેમણે ભારપૂર્વક કહયું કે આ સંતવાણીના શબ્દો બરાબર સમજવા જરૂરી છે. તેમણે ઉમેર્યુ કે સમાજમાં વ્યાપકપણે આ ભજનની વિભાવના ઝીલાય તો જરૂર સ્વસ્થ સમાજનું નિર્માણ થઈ શકે. શિક્ષકોને સમજાવ્યું કે આવી ભજનવાણીથી વિદ્યાર્થીઓમાં સંસ્કારનું સિંચન કરવું જોઈએ. આપણે પણ સૂર્યનારાયણની ગતિના સંદેશને અનુસરી આપણી વિચારધારામાં આપણાં નબળા ભાંડુઓ તરફ લાગણીની – કરુણાની નજર રાખીએ. ખરા અર્થમાં ગતિ કરીએ.

# કલાકાર આલાભાઈનું શાલ ઓઢાણી તથા સ્મૃતિ ચિહ્ન આપી સન્માન



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગાંધીનગર સાહિત્યસભા દ્વારા, મકર સંક્રાતિની પૂર્વ સંધ્યાએ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે, વઢિયાર પ્રદેશ લોકજીવનના ગાયક કલાકાર આલાભાઈ માવાભાઈ બારોટના લોકજીવનની કલાનો પ્રસ્તુતિ કાર્યક્રમ અને તેઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં સાહિત્ય મંત્રી કલ્પેશ પટેલ, કા. સભ્ય રમેશ ઠક્કર અને કવિ પ્રશાંત કેદાર જાદવ દ્વારા કલાકાર આલાભાઈનું શાલ ઓઢાણીને તથા સ્મૃતિ ચિહ્ન અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

● સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલમાં ધોરણ ૫ થી ૮ની ૧૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓનો યોજાયેલ સાહિત્ય પર્વમાં ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ અને સભ્ય તથા બાલસાહિત્યકાર - ગઝલકાર ફિલિપ કલાર્ક દ્વારા બાળસાહિત્ય વાર્તાઓ, શૌર્યકથાઓ, બાળગીતો, ઉખાણાં તથા બાળગરબાની પ્રસ્તુતિ કરીને વિદ્યાર્થીનીઓને સાહિત્યની સમજણ સાથે જ્ઞાન અને ગમ્મતના મોજ કરાવી હતી. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન ગીતાબેન પટેલ અને ચેતનાબેન પટેલે કર્યું હતું.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અનુદાનથી

(૧) આયોજિત 'ભારતીય સાહિત્ય : કૃતિ આધારિત ફિલ્મ નિર્માણ પ્રક્રિયા કાર્યક્રમ' તા. ૨૦-૧-૨૦૧૮ના રોજ, આણંદ આર્ટસ કૉલેજ, આણંદ ખાતે યોજાશે, જેમાં મુકુલ નાગ, ગુણવંત વ્યાસ, આર. કે. માંડલિયા, ડૉ. દિલીપ મહેરા, ડી.પી. માછી વકતવ્યો આપશે, જેના સંયોજક ડૉ. પ્રેમચંદ કોરાલી રહેશે.

(૨) તા. ૨૦-૧-૨૦૧૮ના રોજ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, પોશીના (અંબાજી) ખાતે 'નાટ્યકલા - જીવનકળા' વિષે વકતવ્યો યોજાશે, જેમાં મધુરાય, અરવિંદ પટેલ, મહેશ ચંપકલાલ, અર્ચન ત્રિવેદી, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, પ્રભુદાસ પટેલ, રોહિત પંચોલી અને યશોધર રાવલ વકતવ્ય આપશે. જયારે ડૉ. સંજય પટેલ સંયોજક તરીકે ભૂમિકા નિભાવશે.

(૩) તા. ૨૯-૧-૨૦૧૮ના રોજ સરકારી વિનયન કૉલેજ, સાગબારા ખાતે 'આદિવાસી સાહિત્ય, સમાજ અને ઈતિહાસ' વિશે સર્વે ભગવાનદાસ પટેલ, અરુણ વાઘેલા, જે.લી. પટેલ અને સોનવણો વકતવ્યો આપશે જેનું સંયોજન જીતેન્દ્ર વસાવા કરશે.

(૪) તા. ૨૦-૧-૨૦૧૮ના રોજ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, કઠલાલ ખાતે, 'રાવજી પટેલનું સાહિત્ય સર્જન' વિષયે મુકુન્દ પરીખ, હસમુખ શાહ, રમણભાઈ પટેલ (રાવજી પટેલના ભાઈ), અપેક્ષા પટેલ - (રાવજી પટેલના દીકરી) મણીલાલ હ. પટેલ, યોગેન્દ્ર પારેખ, સતીષ ડણાક અને કુમાર જૈમિનિ શાસ્ત્રી વકતવ્યો આપશે, જેના સંયોજક ડૉ. એ.એ. શેખ રહેશે.

● ગુજરાતી સાહિત્ય પરિષદ તથા એન.એસ. પટેલ આર્ટસ કૉલેજ, આણંદના સંયુક્ત ઉપક્રમે ચંદ્રકાન્ત શેઠ પ્રેરિત 'બાલમિત્ર' વ્યાખ્યાનમાળા, 'અંતર્ગત યોગેશ જોષીએ' બાલ સાહિત્ય ને હું : એક કેફિયત વિશે વકતવ્ય આપ્યું હતું.

● સાહિત્યકાર સ્વ. મફત ઓઝાની પુણ્યતિથિ નિમિત્તે એમના પરિવાર તરફથી કવિ સંમેલન યોજાયું હતું. આરંભમાં સુશ્રી ડૉ. પૂર્વી ઓઝાએ સર્વેને આવકારી પૂર્વભૂમિકા બાંધી હતી. ત્યારબાદ ગઝલકાર ડૉ. રાજેશ વ્યાસ 'મિસ્કિન'ના સંચાલનમાં અંકિત ત્રિવેદી, ભાવેશ ભટ્ટ, અશોક ચાવડા અને પૂર્વી ઓઝાએ સ્વરચિત કાવ્યો અને ગઝલનું પઠન કર્યું હતું. 'મિસ્કીન'ને સંચાલન દરમિયાન ડૉ. મફત ઓઝા સાથેનાં સંસ્મરણો આલેખીને તેમની કવિતા યાત્રા પર પ્રકાશ પાડ્યો હતો. અને અંતમાં ડૉ. નિસર્ગ આહિરે આભારદર્શન કર્યું હતું. અંતમાં ડૉ. નિસર્ગ આહિરે આભાર દર્શન કર્યું હતું. આ પ્રસંગે સ્વ. મફત ઓઝાના શુભેચ્છકો, મિત્રો અને સાહિત્યકારોની વિશેષ ઉપસ્થિતિ ધ્યાનાકર્ષક રહી હતી.

● ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સ્થાપક, લોક સંસ્કૃતિ અને લોકકલાના વૈતાલિક જોરાવરસિંહજી જાદવને આંબાવાડી કલાવૃન્દ, જામખંભાળિયા દ્વારા સુવર્ણચંદ્રક અર્પણ કરવાનો સમારોહ યોજાઈ ગયો. જેનું ઉદ્ઘાટન રાજકોટ ખાતે 'ફુલછાબ' દૈનિકના તંત્રી કૌશિકભાઈ મહેતાએ કર્યું હતું. આ પ્રસંગે લોકસાહિત્યિક અને સાગર યુનિ. મ.પ્ર. ના ચાન્સેલર ડૉ. બળવંત જાની, ભરત યાજ્ઞિક, ચિત્રલેખા બ્યુરોના જશવંત છાયાની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમનું સંચાલન તુષાર જોષીએ કર્યું હતું.

- muljibhadadhi@gmail.com